# વિશ્વ માટે વિકરાળ સમસ્યા બનેલો હિપેટાઇટીસ

મનુષ્ય જીવનની સૌથી મૂલ્યવાન વસ્તુ છે – 'સ્વસ્થ શરીર', કેમ કે તેના વિના બધું જ નકામું છે. 'હિપેટાઈટીસ ' એક એવો રોગ છે જે આજે વિશ્વ સમક્ષ વિકરાળ સ્વરૂપ ધારણ કરી રહ્યો છે.

**હિપેટાઇટીસ એ શું છે?**

લિવર પરનો સોજો એ હિપેટાઈટીસ તરીકે ઓળખાય છે જેમાં લિવર તેનું મહત્ત્વનું કામ - ગ્લુકોઝ, પ્રોટીન, લોહી ગંઠાવાના તત્ત્વો બનાવવાનું અને નુકશાનકારક તત્ત્વોને દૂર કરવાનું વગેરે બંધ થઈ જાય છે.



**ડૉ. કૌશલભાઈ આનંદ**
**લિવર સ્પેશ્યાલિસ્ટ**

**હિપેટાઇટીસના કારણો**

હિપેટાઈટીસ થવાના મુખ્ય ત્રણ કારણો છે જેમાં વાઈરસ (પાણીજન્ય, લોહીજન્ય), આલ્કોહોલ અને મેટાબોલિક સિન્ડ્રોમ છે. પાણીજન્ય કારણોસર થતો હિપેટાઈટીસ એ અને ઈ અસ્વચ્છ પાણીને લીધે થાય છે.

લોહિજન્ય કારણોસર થતો હિપેટાઈટીસ બી અને સી છે. પરીક્ષણ ન થયેલું લોહી ચઢાવવાથી, અસુરક્ષિત જાતીય સંબંધ માણવાથી, ડ્રગ્સના ઈન્જેક્શન, ચેપમુક્ત નહીં કરેલ ઈન્જેક્શનથી અને માતાથી નવજાત શિશુને આ પ્રકારના હિપેટાઈટીસનો ચેપ લાગી શકે છે.

આલ્કોહોલના અતિરેકપૂર્ણ સેવનને લીધે એક્યુટ હિપેટાઈટીસ અને ઘણા લાંબા સમય સુધી સેવન કરવાને લીધે ક્રોનિક હિપેટાઈટિસ થાય છે. આ એક એવું કારણ છે કે જેનું નિવારણ આપણા હાથમાં છે.

આજના યુગની સમસ્યાઓ જેવી કે મેદસ્વીતા, ડાયાબિટીસ, હાઈ બ્લડપ્રેશર, હૃદયરોગ અને ફેટ્ટી લિવર એ નોન આલ્કોહોલિક હિપેટાઈટીસ અથવા મેટાબોલિક સિન્ડ્રોમ તરીકે ઓળખાય છે. અવ્યવસ્થિત જીવનશૈલીને કારણે ઉપજેલો રોગ છે. શારીરિક શ્રમનો અભાવ, તણાવ, બિનઆરોગ્યપ્રદ અને અતિ ચરબીયુક્ત ખોરાક આ પ્રકારના હિપેટાઈટીસને આમંત્રે છે.

**હિપેટાઇટીસના લક્ષણો**

હિપેટાઈટીસની શરૂઆતમાં અરૂચિ, શારીરિક નબળાઈ, અશક્તિ, પેટમાં દુઃખાવો વગેરે લક્ષણો જોવા મળે છે. પીળો પેશાબ, પીળી આંખો, શરીરની પીળાશ અને ખંજવાળ વગેરે કમળાના લક્ષણો છે. સામાન્યરીતે કોઈપણ તંદુરસ્ત વ્યક્તિમાં જો આ ચિહ્નો અથવા લક્ષણો જોવા મળે તો ડોક્ટરને બતાવવું જરૂરી છે.

**હિપેટાઇટીસનું નિદાન**

દર્દીની શારીરિક તપાસ, લક્ષણ દ્વારા, કમળાના ચિહ્નો ઉપરાંત લોહીપરીક્ષામાં લિવર ફંક્શન તેમજ હિપેટાઈટીસ બી અને સી વાઈરસનું પરીક્ષણ નિદાન તેમજ કમળાની અસર બતાવે છે.

**હિપેટાઇટીસની સારવાર**

મોટાભાગના દર્દીઓ સમયસર અને સારી સારવારથી સંપૂર્ણપણે સ્વસ્થ થઈ જાય છે. હિપેટાઈટીસ એ અને ઈનાં ઈન્ફેક્શનના કિસ્સામાં ૧ ટકા જેટલા દર્દીઓના લીવર કામ કરવાનું બંધ કરે છે જેથી દર્દીનું મૃત્યુ પણ થઈ શકે છે. ક્રોનિક હિપેટાઈટીસનો ઈલાજ હિપેટાઈટીસ બી અને સીની સારવાર છે જેમાં નવી એન્ટિવાઈરસ દવાઓથી દર્દીને લાંબુ આયુષ્ય મળી શકે છે. ૧૫થી ૨૦ વર્ષે ક્રોનિક હિપેટાઈટીસ લિવરને સંપૂર્ણપણે હાનિ કરે છે જેથી દર્દીને સતત કમળો રહેવો, પેટમાં પાણી બનવું, લોહીની ઉલ્ટી થવી વગેરે લક્ષણો વારંવાર થવાથી 'લિવર પ્રત્યારોપણ' એટલે કે લિવર ટ્રાન્સપ્લાન્ટેશનની સર્જરી જરૂરી બને છે. મેટાબોલિક સિન્ડ્રોમથી જેનું લીવર હાનિગ્રસ્ત થઈ ગયું હોય એવી વ્યક્તિની જો સમયસર સારવાર ન થાય તો તે એન્ડ સ્ટેજ લાઈવ્સ ડિસીઝનો ભોગ બની શકે છે.

**હિપેટાઇટીસથી બચવાના ઉપાયો**

એવું કહેવાય છે કે 'બચાવ એ ઈલાજ કરતા સારો ઉપાય છે.' હિપેટાઈટીસ બી અને એની રસી ઉપલબ્ધ છે. હિપેટાઈટીસ બીની રસી એ અત્યંત જરૂરી છે જે દરેક વ્યક્તિ તેમજ નવજાત શિશુને આપવી જરૂરી હોય છે. હિપેટાઈટીસ એનાં કિસ્સામાં સ્વચ્છ પાણી અને સ્વચ્છ ખોરાક એ મુખ્ય મુદ્દા છે. આલ્કોહોલના સેવન પર નિયંત્રણથી લીવરને હાનિ થતી રોકી શકાય છે. મેટાબોલિક સિન્ડ્રોમમાં વજન ઉતારવાથી લિવર તેમજ દરેક બિમારીમાં અસરકારકરીતે ફાયદો મળે છે.

હાલમાં ભારતમાં ૪ કરોડ લોકો હિપેટાઈટીસનો શિકાર બનેલા છે. વર્ષ ૨૦૦૨માં ૯૦ લાખ લોકો એચબીવી ઈન્ફેક્શન ધરાવતા હતા તેમજ બે લાખ લોકોનું મૃત્યુ નિપજ્યું હતું, જે પૈકીના ૧.૫ લાખ લોકો લિવર કેન્સરને લીધે મૃત્યુ પામ્યા હતા. જાગો અને સમાજને હિપેટાઈટીસથી મુક્ત બનાવો.

ADVT